# જિલ્લાની પાંચ બેઠકોનો આજે જનાદેશ

**પ્રથમ પરિણામ ગાંધીનગર (ઉ) બેઠકનું આવશે તેમ મનાઈ રહ્યું છે : ૩ ટકાથી વધુ મતદાન ઘટ્યુ છે : કલોલ, માણસા દહેગામમાં ૭૦ ટકાથી વધુ મતદાન થયુ છે તો ગાંધીનગર (દ) બેઠક માટે સૌથી વધુ રાઉન્ડમાં મતગણતરીનું કાર્ય થશે**

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાની પાંચ બેઠકો માટેનો આજે જનાદેશ આવવાનો હોઈ સમગ્ર જિલ્લામાં રાજકીય ઉત્તેજનાઓ ચરમસીમાએ પહોંચી છે. ૨૦૧૨ની સામાન્ય ચૂંટણી કરતાં ૨૦૧૭ની સામાન્ય ચૂંટણીમાં ૩.૮૧ ટકા જેટલુ મતદાન ઘટ્યુ હોવાથી રાજકીય ઉત્તેજના વધુ પ્રસરેલી જોવા મળી રહી છે.

જિલ્લાની પાંચેય બેઠક પર પહેલુ પરિણામ કઈ બેઠકનું આવશે તેને લઈ પણ રાજકીય ઉત્તેજના જોવા મળી રહી છે. ગાંધીનગર જિલ્લામાં મતગણતરી સવારે ૮ વાગે શરૂ થશે. સવારે ૭ વાગ્યા સુધી પોસ્ટલ બેલેટ સ્વીકારવામાં આવશે. પોસ્ટ વિભાગે પણ આ અંગે ખાસ વ્યવસ્થા કરી છે અને ખાસ અધિકારી સવારે વહેલા પોસ્ટલ બેલેટ લઈ આવશે.

મળતી વિગતો પ્રમાણે આજે બપોર સુધીમાં ૧૦ હજાર જેટલા પોસ્ટલ બેલેટ પાંચેય વિધાનસભા મત વિસ્તારમાં મળી ચુક્યા છે. હજુ પણ આ પોસ્ટલ બેલેટ આવી રહ્યાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યું છે.

સૌથી પહેલાં પોસ્ટલ બેલેટને કવરમાંથી બહાર કાઢી અને ૨૫-૨૫ મતોની થોકડી બનાવી તેની ગણતરી હાથ ધરવામાં આવશે. આ માટે કાઉન્ટીંગ હોલમાં ખાસ વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવી છે.

જિલ્લામાં ૧૮મીએ



યોજાયેલ મતદાનમાં ૭૧.૩૭ ટકા જેટલુ મતદાન નોંધાયું હતુ. જિલ્લામાં સૌથી વધુ મતદાન માણસા બેઠક પર નોંધાયુ છે જ્યારે સૌથી ઓછુ મતદાન ગાંધીનગર (ઉ) બેઠક માટે નોંધાયું છે.

આ વખતે જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં થયેલ ભારે મતદાનને પગલે રાજકીય ઉત્તેજનાઓ વધી જવા પામી છે. જિલ્લાની પાંચેય બેઠકોના શહેરી વિસ્તારોમાં મતદાનની ઉદાસીનતા સામે આવી છે.

આ જંગમાં ૪૮ ઉમેદવારો મેદાનમાં હતા. ૨૦૧૨માં ૪૩ ઉમેદવારો મેદાનમાં હતા. આ વખતના જંગમાં ૧૭ ટકા મતદારો વધ્યા છે જ્યારે પાંચ ઉમેદવારોનો પણ વધારો થવા પામ્યો છે.

જિલ્લામાં ૧૩૪૨ મતદાન મથકો પર મતદાન યોજવામાં આવ્યું હતું. ૨૦૧૨માં જિલ્લામાં ૭૪.૪૫

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લામાં શરતોનું બજાર પણ ગરમાયુ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાની પાંચ બેઠકો માટે આજે મતગણતરી હાથ ધરાશે. આ મતગણતરીની પૂર્વ સંધ્યાએ ભારે રાજકીય ઉત્તેજનાનો માહોલ જિલ્લાભરમાં છવાઈ જવા પામ્યો છે. આજે દિવસ દરમ્યાન પરિણામોને લઈ લાખ્ખો રૂપીયાની શરતો લાગી છે.

ગાંધીનગરમાં કયા પક્ષને કેટલી બેઠકો મળશે ? કઈ બેઠક પર કયા ઉમેદવારનો વિજય થશે ? કેટલી સરસાઈ મળશે ? જેવી અલગ અલગ બાબતોને લઈ આ શરતો રાજકીય આગેવાનો અને રાજકારણના રસિયાઓ વચ્ચે લાગી છે.

રાજકીય આગેવાનો દ્વારા આ શરતો લાખ્ખો રૂપીયામાં લગાવવામાં આવી છે. તો રાજકારણના રસિયાઓએ આવી શરતો હજારો રૂપીયામાં લગાવી છે. ગાંધીનગર(ઉ), કલોલ, માણસા અને દહેગામ બેઠકના પરિણામો પર વધારે શરતો લાગી હોવાનું જાણવા મળેલ છે. જો કે ગાંધીનગર (દ) બેઠક પર સરસાઈને લઈ શરતો લાગી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર (ઉ) બેઠક પર વર્તમાન ધારાસભ્ય અને પૂર્વ ધારાસભ્ય વચ્ચેનો જંગ વધારે રોચક બન્યો હોવાથી શહેરમાં પણ શરતો લાગી હોવાનું બહાર આવ્યુ છે.

## શહેરમાં સતત ત્રીજે દિવસે ઠંડા પવનોથી તીવ્ર ઠંડી

ગાંધીનગર, તા. ૧૭

જમ્મુ-કાશ્મીરમાં થયેલી બરફવર્ષા અને ઉત્તરભારતમાં પડી રહેલી આકરી ઠંડીની સીધી અસર ગુજરાતમાં અનુભવાઈ રહી છે. ગાંધીનગરમાં ઠંડા પવનોના કારણે તીવ્ર ઠંડી અનુભવાઈ રહી છે.

ઉત્તર ભારતમાં આકરી ઠંડી પડી રહી છે. જમ્મુ-કાશ્મીરમાં બરફવર્ષા થઈ રહી છે તો પંજાબ, હરિયાણા અને રાજસ્થાનના જુદા જુદા વિસ્તારોમાં ધુમ્મસની સાથે જ કડકડતી ઠંડી પડી રહી છે. ઉત્તરભારતની ઠંડીની સીધી અસર ગુજરાતમાં થઈ રહી છે. ઠંડા પવનોએ ગાંધીનગરને બાનમાં લીધુ હોય તેમ આખો દિવસ ઠંડી પડે છે. પવનોના કારણે વસાહતીઓને ઘરના બારી-બારણા બંધ રાખવાની ફરજ પડે છે. વડીલો અને બાળકોની હાલત ખરાબ થઈ છે. આખો દિવસ ગરમ વસ્ત્રો પહેરીને ફરવુ પડે તેવી સ્થિતિ છે.



જો કે શહેરમાં તાપમાનમાં ખુબ ઘટાડો થયો નથી. મહત્તમ તાપમાન ૨૭.૫ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૧૬.૫ ડિ.સે. નોંધાયુ હતુ. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૫૦ ટકા અને સાંજે ૪૭ ટકા રહ્યુ હતુ.

## જિલ્લાની પાંચેય બેઠકોની મતગણતરી કોલેજ કેમ્પસ ખાતે

**પ્રથમ ટ્રેન્ડ સવારે નવ વાગે મળશે : બપોરે ૧ વાગ્યા સુધીમાં તમામ પરિણામો જાહેર થઈ જશે : ૪૦૦ કર્મચારીઓ મતગણતરીની કામગીરી સંભાળશે : નિરીક્ષકોની સતત હાજરી રહેશે : પંચે મતગણતરી માટે બે નિરીક્ષકો નિમ્યા છે : કલેક્ટર**

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાની વિધાનસભાની પાંચ બેઠકો માટેની મતગણતરી સે. ૧૫ સ્થિત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે કરવામાં આવશે. આ મતગણતરી માટેની સંપૂર્ણ તૈયારીઓ તંત્રએ સંપન્ન કરી લીધી છે. આ માટે કોલેજમાં ખાસ પાંચ મતગણતરી હોલ બનાવવામાં આવ્યા છે.

જિલ્લા કલેક્ટર વ જિલ્લા ચૂંટણી અધિકારી સતીષ પટેલે જણાવ્યું છે કે ૪૦૦ જેટલા કર્મચારીઓ દ્વારા આ મતગણતરીનું કાર્ય હાથ ધરવામાં આવશે. પ્રથમ પોસ્ટલ બેલેટ ગણવામાં આવશે. આ પછી અર્ધા કલાક બાદ કાઉન્ટીંગ મશીનોનું શરૂ કરાશે.

તેમણે જણાવ્યુ હતુ કે પ્રથમ ટ્રેન્ડ નવ વાગે મળશે અને પ્રથમ પરિણામ ૧૧ થી ૧૨ વચ્ચે આવી જશે. જ્યારે બપોરે ૧ વાગ્યા સુધીમાં મતગણતરીનું કાર્ય સંપન્ન થઈ જાય તે રીતે આયોજન કરવામાં આવ્યું છે.

સતીષ પટેલે જણાવ્યુ હતુ કે એક હોલમાં એક સાથે ૧૪ ટેબલ પર મતગણતરીનું કાર્ય હાથ ધરવામાં આવશે. મતગણતરી પહેલાં કર્મચારીઓને ટેબલ ફાળવણી માટે રેન્ડમાઈઝેશન કરી તે ટેબલ પર જવા જણાવાશે.

તેમણે જણાવ્યુ હતુ કે વી.વી.પેટની સ્લીપોની ગણતરી માટે પણ અલાયદુ ટેબલ છે. દરેક વિધાનસભા બેઠક માટે કોઈ એક બુથના વી.વી.પેટની સ્લીપો ગણવામાં આવશે. આ માટે પણ ડ્રો કરવામાં આવશે. જિલ્લામાં કુલ પાંચ બુથના વી.વી.પેટની સ્લીપો ગણવામાં

### જિલ્લાની કઈ બેઠક પર કેટલુ મતદાન

| | પુ. | સ્ત્રી | બીજી જાતી | કુલ | ટકા |
|---|---|---|---|---|---|
| દહેગામ | ૭૮,૫૪૨ | ૬૬,૭૭૪ | ૫ | ૧,૪૫,૩૨૧ | ૭૨,૧૭ |
| ગાંધીનગર(દ) | ૧,૧૩,૪૮૭ | ૯૯,૭૦૦ | ૨ | ૨,૧૩,૧૮૯ | ૬૯.૯૧ |
| ગાંધીનગર(ઉ) | ૮૨,૨૬૭ | ૭૪,૨૬૯ | ૧ | ૧,૫૬,૫૩૭ | ૬૭.૩૬ |
| માણસા | ૮૫,૪૪૬ | ૭૫,૫૬૨ | ૦ | ૧,૬૧,૦૦૮ | ૭૫.૬૭ |
| કલોલ | ૮૬,૫૬૭ | ૭૬,૪૪૧ | ૧ | ૧,૬૩,૦૦૯ | ૭૨.૭૩ |
| | ૪,૪૬,૩૦૯ | ૩,૯૨,૭૪૬ | ૯ | ૮,૩૯,૦૬૪ | ૭૧.૩૭ |

આવશે.

પટેલે જણાવ્યુ હતુ કે મતગણતરી હોલમાં મતગણતરીકાર કે રાજકીય પક્ષનો મતગણતરી એજન્ટ મોબાઈલ ફોન કે વીજ ઉપકરણ લઈ જઈ શકશે નહિ.

તેમણે કહ્યુ હતુ કે જિલ્લામાં મતગણતરી માટે મુકાયેલ બે ખાસ નિરીક્ષકો અને ત્રણ સામાન્ય નિરીક્ષકો મતગણતરી દરમ્યાન કેમ્પસ ખાતે હાજર રહેશે. તેમણે એમ પણ જણાવ્યુ હતુ કે જિલ્લમાં મતગણતરીનું કાર્ય કોલેજ કેમ્પસ ખાતે હોવાથી ત્યાં ચાંપતો પોલીસ બંદોબસ્ત પણ રાખવામાં આવશે. કોઈપણ અનઅધિકૃત વ્યક્તીને કેમ્પસમાં પ્રવેશ અપાશે નહિ.

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગરની પાટીદાર ગ્લોબલ સમિટમાં મોદીને આમંત્રણ

ગાંધીનગર, તા.૧૭

ગુજરાતમાં પાટીદાર અનામત આંદોલન ભાજપની વિરૂદ્ધમાં છે ત્યારે પાટીદાર અગ્રણીઓ તેમની એક ગ્લોબલ ઈવેન્ટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે આગ્રહી બન્યા છે. સિનિયર પાટીદાર આગેવાનો આજે પણ એવું માને છે કે નરેન્દ્ર મોદી અને ભાજપનો આ ચૂંટણીમાં વિજય થવાનો છે અને તેમને આશા છે કે મોદી તેમની આ ઈવેન્ટમાં ગાંધીનગર આવશે.

ગાંધીનગરના મહાત્મા મંદિરમાં ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ ૫ થી ૭ જાન્યુઆરી દરમ્યાન યોજાઇ રહી છે ત્યારે રાજ્યના પાટીદાર આગેવાનોએ મોદીને આ સમિટનું ઓપિનિંગ કરવાનું આમંત્રણ આપ્યું છે. આ સમિટ સરદારધામ વિશ્વ પાટીદાર સમાજના ઉપક્રમે આ સમિટ યોજવામાં આવી રહી છે.

આ ઈવેન્ટનું નામ વિશ્વ પાટીદાર બિઝનેસ સમિટ રાખવાનું આવ્યું છે જેમાં વિશ્વમાં વસતા તમામ પાટીદાર સમુદાયના ઉદ્યોગ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેવાના છે. આ સંગઠન ચાર વર્ષ જૂનું છે અને તેના પ્રેસિડેન્ટ ગાજજી સુતરિયાએ કહ્યુંહતુંકે અમે આ સમિટ માટે નરેન્દ્ર મોદીને આમંત્રણ આપ્યું છે. આ સમિટમાં ૧૦,૦૦૦ જેટલા બિઝનેસ પ્રતિનિધિઓ ભાગ લેવાના છે અને તેઓ વિશ્વના અનેક દેશોમાંથી આવી રહ્યાં છે. આ સમિટમાં બાબા રામદેવ, ચેતન ભગત, શિવખેરા અને ભાજપના એમપી હેમા માલિની ઉપસ્થિત રહેવાના છે. ભારતમાં પ્રથમવાર પાટીદારો માટે આ સમિટ યોજવામાં આવી રહી છે. સરદારધામ વિશ્વ પાટીદાર કેન્દ્રના સીઈઓ ટી.જી. ઝાલાવાડિયા કહે છે કે ગુજરાત એ ગ્લોબલ વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટનું કેન્દ્રબિંદુ છે. અમારી આ સમિટ નાની છે પરંતુ તે ગ્લોબલી છે. અમે આ સમિટમાં નાના ઉદ્યોગગૃહો માટે સ્ટોલની કિંમત ૩૦ હજાર રાખી છે.



રાજ્યમાં કેટલાક મતદાન બુથ પર ફેર મતદાન રવિવારના દિવસે યોજાયું હતું જેમાં અમદાવાદના નવા નરોડા વિસ્તારમાં મતદારોની લાંબી લાઈન જોવા મળી હતી.

## શેહરમાં કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલી ફુટપાથની દશા સુધારવા માટે સર્વે કરાશે

**વોક વે પર ટાઇલ્સો ઉખડી : ઘણાં ઠેકાણે મોટા ગાબડા પડતા નાગરિકોને હાલાકી : ફુટપાથ નિર્માણ બાદ જાળવણી કરવામાં તંત્રની નિરસતા**

ગાંધીનગર તા ૧૭

શહેરના સેકટરોમાં હાલ માર્ગ સુધારણાની કામગીરી ચાલી રહી છે. માર્ગોની દશા સુધારવા માટે વર્ષોના અંતે કામ શરૂ કરાયુ છે. સેકટરોના આંતરિક માર્ગોને સોહામણાં બનાવવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહયો છે. જયારે શહેરના મુખ્યમાર્ગો તેમજ એપ્રોચ માર્ગને અડીને નિર્માણ કરાયેલી ફુટપાથો કંગાળ હાલતમાં જોવા મળી રહી છે. શહેરના વોક વે પર ઘણી જગ્યાએ ગાબડા જોવા મળી રહયા છે. ફુટપાથની જાળવણીનુ કામ લાંબા સમયથી હાથ ધરાયુ નથી. તંત્ર દ્વારા ફુટપાથને યોગ્ય કરવા માટે ટુંકમાં સર્વે કરવામાં આવશે તેમ પણ જણાંવાયુ છે.

શહેરમાં હાલ માર્ગ સુધારણાનુ કામ પુરજોશમાં ચાલી રહયુ છે. સેકટરોના આંતરિક માર્ગો છેલ્લા પાંચ વર્ષથી યથાવત સ્થિતિમાં હતા. નિયત સમય કરતા પણ વધુ કાળના અંતે માર્ગોની સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવી છે. શહેરના સેકટરોમાં આંતરિક માર્ગો પર લાંબા સમયથી ગાબડા જોવા મળી રહયા હતા સ્થાનિક રહીશો પણ આંતરિક માર્ગોની આ દશાના લીધે ત્રસ્ત બની ગયા છે. ત્યારે હજુ પણ માર્ગોની સુધારણાની કામગીરી બે મહીનાના અંતે પુર્ણ થશે. બીજીતરફ નગરના વોક વે પણ કંગાળ હાલતમાં જોવા મળી રહયા છે. નગરના મુખ્યમાર્ગો પર વોક વે ની જાળવણી માટે કોઇ પગલા લેવાતા નથી. ફુટપાથ નિર્માણની કામગીરી પાછળ અગાઉ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જયારે હજુ પણ સે-૧૭ : ૨૨થી પંચદેવ મંદિર તેમજ આર્યુવેદિક દવાખાનાના માર્ગ આસપાસ ફુટપાથની આભા ઉભી કરવાનુ કામ ચાલી રહયુ છે. આ ઉપરાંત સે-૩૦ માં પણ નવો વોક વે બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. પરંતુ વર્ષો જુના વોક વે ની યોગ્ય દરકાર ન લેવાતા ફુટપાથ પર ઘણા ઠેકાણે મોટામસ ગાબડા જોવા મળી રહયા છે. કેટલાક ઠેકાણે ફુટપાથની ટાઈલ્સો પણ ઉખડી ગઇ છે. આ સ્થિતિ વચ્ચે મુખ્ય માર્ગોપરની માર્ગ સલાતમી પણ જોખમાઇ છે. જયારે મોર્નિંગ વોક કરનારાઓ પણ હાલાકી વેઠી રહયા છે. ફુટપાથને યોગ્ય કરવા માટે તંત્ર દ્વારા સર્વે કરવામાં આવશે ત્યારબાદ ફુટપાથના ગાબડા પુરવા માટે કામગીરી હાથ ધરાશે.

## ૧૪૦ એન્જિનિયરો ઈવીએમના સોર્સ કોડને હેકીંગ કરવા તૈયાર

**મતગણતરી પહેલા હાર્દિકના ટવીટથી ખળભળાટ**

અમદાવાદ, તા.૧૭

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બંને તબક્કામાં યોજાયેલા મતદાનની આવતીકાલે મતગણતરી થવા જઇ રહી છે ત્યારે આગલા દિવસે પાસના યુવા નેતા હાર્દિક પટેલે ફરી એકવાર ઈવીએમ સામે ગંભીર સવાલો ઉઠાવી ટવીટ્ કરતાં ભારે ખળભળાટ મચી ગયો છે. હજુ ગઈકાલે જ હાર્દિકે ભાજપ પર સીધો અને ગંભીર આરોપ લગાવ્યો હતો કે, ભાજપ દ્વારા શનિવાર અને રવિવારની રાત્રે ઈવીએમમાં ગડબડી કરવા જઈ રહી છે..હાર્દિકના આ ટવીટ્ના વિવાદની ચર્ચા હજુ શમી નથી ત્યાં હાર્દિકે મતગણતરીના આગલા દિવસે આજે કેટલાક વધુ ટવીટ્ કરી ઈવીએમને લઈ ગંભીર આરોપ લગાવ્યા છે. હાર્દિકે સાફ શબ્દોમાં જણાવ્યું હતું કે, શહેરની એક કંપની દ્વારા ૧૪૦ સોફ્ટવેર એન્જિનીયરો મારફતે પાંચ હજાર ઈવીએમના સોર્સ કોડને હેકીંગ કરવાની તૈયારી થઈ છે.

હાર્દિક પટેલે તેના ટવીટ્માં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, મારી વાતો પર તમને માત્ર હસવુ આવશે પરંતુ વિચાર કોઈ નહી કરે. ભગવાન દ્વારા બનાવાયેલા આપણા શરીરમાં જો છેડછાડ થઈ શકતી હોય તો, માનવ દ્વારા બનાવાયેલા ઈવીએમ મશીનમાં કેમ છેડછાડ ના થઈ શકે..?












Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com